# સંપાદકની કલમે

પ્રાચીન સમયમાં ગુરૂની પસંદગી માટે પૂર્ણ અવકાશ હતો, જ્યાં ગુરૂ પણ બાળકને શિષ્ય તરીકે પસંદ કરવા માટે મુક્ત હતા. પ્રવર્તમાન સમયમાં સમાજમાં શિક્ષકને બદલે શાળા–કોલેજના સ્તરના આધારે તેમની પસંદગી થાય છે. આમ જોઇએ તો શાળા–કોલેજની પૃષ્ઠભૂમિમાં શિક્ષકોનાં યોગદાન જ રહેલાં છે, શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક દ્વારા થયેલાં વર્તનો અને વિદ્યાર્થીના જીવનમાં આવેલ ઉત્કર્ષ એ જ તેમના મૂલ્યાંકનનો માપદંડ બની રહે. શિક્ષક ધારે તો વિદ્યાર્થીને વાલિયા લૂંટારામાંથી વાલ્મિકી બનાવી શકે અને ધારે તો પથ્થરમાંથી પારસમણિ બનાવી શકે.

આર્થિકોપાર્જનના આશયને બાજુ પર રાખી પોતાના શિક્ષકત્વ તરફ પ્રતિબધ્ધ થતાં, તે સમાજને નિત નવા આયામો તરફ પ્રગતિન્મુખ કરી શકે. પરંતુ શું આજના સમયમાં આ જોવા મળે છે? જો હા, તો કેટલા અંશે? કર્તવ્યનિષ્ઠ, તટસ્થ, જ્ઞાનને વરેલા, ઉધ્ર્વોન્મુખી, વિદ્યાર્થીપ્રેમી, સત્યનું ઊદ્ઘાટન કરતા શિક્ષકો કેટલા? આમ જોઇએ તો ક્યારેક સમાજમાં શિક્ષકોનાં અનૈતિક કાર્યોની ઘટનાઓ પણ સામે આવ્યા કરે છે. તેના નિયંત્રણ માટે શું પગલાં લઈ શકાય? – તે એક વિકટ પ્રશ્ન થઇ રહે. ખરેખર તો સમાજમાં અન્ય વ્યાવસાયિકોની સાપેક્ષમાં શિક્ષકના વ્યક્તિગત જીવનને પણ આદર્શોના આધારે આચારાયેલું અનુમાનીત થાય છે.

સમગ્ર સમાજમાં આપણે એક વાત જોઇએ છીએ કે દરેક વ્યક્તિને સારા દેખાવું, સારા લાગવું ગમે છે. સમાજમાં પોતાના સારા વ્યક્તિગત્વનો પ્રભાવ પાડવો ગમે છે. આ વ્યક્તિઓમાં શિક્ષક પણ બાકાત ન રહે. જો તે પણ સમાજ અને શાળામાં પોતાની જાતને સારા દેખાવા વિશેની વાણી સાથે સારાં વર્તનો કરે અને અન્યોને પણ તેવા બનવા માટે સઘન પ્રયત્નો કરે, તો તેવા સમાજનું નિર્માણ શક્ય બને. પરંતુ આ બાબત પૂરી રીતે શક્ય ન બનવા પાછળ પણ કાંઇક કારણો હોઇ શકે, જેની પાછળ સંશોધન કે મનોમંથન કરવું પડે. ક્યાંક પહેલવૃત્તિની કમી હોય, તો 'તું એકલો જાને રે' ને ધ્યાનમાં લેતાં વ્યક્તિગત રીતે નાના કાર્યથી પહેલ કરતાં તે વિશાળ ફલક પર શક્ય બને.

વિદ્યાર્થી વિકાસ માટેના સાર્થક પ્રયત્નો કરતાં શિક્ષકના સઘન પ્રયત્નો અને વિદ્યાર્થી દ્વારા સદ્વર્તનો કરાવા માટે અગ્રેસર થવાથી સાચું અધ્યયન થાય. શાળાના વર્ગખંડની ચાર દિવાલોમાં થયેલાં તેનાં વર્તનો વિદ્યાર્થીને તંદુરસ્ત અને મોકળા આકાશ પૂરાં પાડે. વિદ્યાર્થીને સ્પૂન ફીડીંગ કરાવવા કરતાં તેમને સ્વવિકાસ માટે અવસર પ્રદાન કરે અને તંદુરસ્ત હૂંફાળો સાથ પૂરો પાડે. શિક્ષક પોતાના આચરણ દ્વારા, નિર્દેશ કરતાં, સંદર્ભો પૂરા પાડતાં, સુવિધા આપતાં, માર્ગદર્શન પૂરું પાડતાં વિદ્યાર્થીને સ્વઅધ્યયન કરતો કરે. આમ કરતાં શિક્ષક સાચા અર્થમાં શિક્ષકદિનની ઊજવણી કરતા થાય. વિદ્યાર્થી સતત સ્વનિર્ભર રહી સ્વપ્રયત્નો દ્વારા અધ્યયન કરતાં સિદ્ધિનાં શિખરો સર કરે તો દરેક દિવસ શિક્ષકદિન બની જાય.

# ECCE અને નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2019

**ડૉ. હર્ષાબેન જીજ્ઞેશ પટેલ,**

સહાયક શિક્ષક, ન્યુ એરા હાઈસ્કૂલ, વડોદરા

Mo:- +91 9429429551 Email:- harshabenpatel02@gmail.com

ગર્ભાવસ્થાથી લઈને તેના મૃત્યુ સુધીના મનુષ્યના જીવનનો વિકાસ સમયાનુક્રમમાં એક પછી એક ચોક્કસ પ્રકારના તબક્કામાંથી પસાર થાય છે જેમ કે ગર્ભાવસ્થા, શિશુવસ્થા, તરુણાવસ્થા, કિશોરાવસ્થા, પુખ્તાવસ્થા અને વૃધ્ધવસ્થા. આ અવસ્થાઓમાં દરેક અવસ્થાનું ચોક્કસ મહત્ત્વ છે અને તેમાં પણ શિશુવસ્થા વધારે મહત્ત્વ ધરાવે છે અને જ્યારે આપણે આવા બાળકોના ઉત્થાન માટે કાર્ય કરવાનું છે ત્યારે તેમના વિષે જાણવું ખૂબ જરૂરી છે. બાળકોએ રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ અને આવતીકાલની આશા છે. કોઈપણ દેશના વિકાસનો આધાર સંપૂર્ણ રીતે બાળકના વિકાસ પર રહેલો છે. બાળકનો સર્વાંગી વિકાસ અને તેના આધારે વિશ્વ વિકાસ માટે તેનું મન અને તન મજબૂત હોવું અનિવાર્ય છે. આજના ટેક્નોલૉજી યુગમાં દરેક ક્ષેત્રમાં શિક્ષણ ખૂબ જ અગત્યનું બની ગયું છે. જ્યારે આપણે બાળકના વિકાસ અને તેના શિક્ષણને વાત કરતાં હોઈએ ત્યારે બાળકને આપણે ઓળખવો, સમજવો, જાણવો ખૂબ જરૂરી બની જાય છે. જેના દ્વારા બાળકની અવસ્થાઓ અને તે પ્રમાણેની તેની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને તેનો આપણે યોગ્ય સર્વાંગી વિકાસ કરી શકીએ. શિશુ અવસ્થામાં બાળકના જીવનનો પાયો નંખાય છે. માનસશાસ્ત્રી સિગ્મંડ ફ્રોઈડના મતે પણ આ અવસ્થાને ભાવિ વ્યક્તિત્વ નિર્માણ માટે સૌથી વધારે જવાબદાર ગણે છે.

સામાન્ય રીતે બાળક માટે શીખવાની પ્રક્રિયા જન્મ પછી તરત જ શરૂ થાય છે. ન્યુરોસાયન્સના પુરાવા દર્શાવે છે કે બાળકના 85% થી વધુ મગજનો વિકાસ 6 વર્ષની વય પહેલા થાય છે, જે બાળકના પ્રારંભિક વર્ષોમાં વિકાસશીલ મગજની યોગ્ય સંભાળનું મહત્ત્વને દર્શાવે છે. ખરેખર, જે બાળકોએ તેમના પ્રારંભિક વર્ષોમાં વિવિધ સ્તરે ઉપેક્ષા અથવા વંચિતતાનો સામનો કરવો પડ્યો હતો તેના મગજના જટિલ ક્ષેત્રોના, તેમજ કોષોનો વિકાસ યોગ્ય રીતે થયેલ નથી એવું જોવા મળેલ છે. મગજના વિકાસને સુનિશ્ચિત કરવા માટે બાળકના પ્રથમ છ વર્ષ દરમિયાન ઉત્તમ સંભાળ, પાલનપોષણ, પોષણ, શારીરિક પ્રવૃત્તિ, મનો-સામાજિક વાતાવરણ અને ભાવનાત્મક ઉત્તેજનાની યોગ્ય સાર સંભાળ રાખવામાં આવે એ ખૂબ જરૂરી છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અભ્યાસો અને બૌદ્ધિક વિજ્ઞાન પણ આ બાબતનું સમર્થન કરે છે કે પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (ECCE) એ ખૂબ અગત્યનું પાસું છે અને તેની યોગ્ય સારસંભાળ રાખવામાં આવે તો અધ્યયન નિષ્પતિઓ સારી રીતે પાર પાડી શકાય છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એનસીઈઆરટી) દ્વારા 30,000 બાળકો પર કરાયેલ એક અભ્યાસમાં પણ એ જોવા મળ્યું છે કે પૂર્વ-શાળા શિક્ષણ અને પ્રતિધારણ વચ્ચે મજબૂત અને સીધા સંબંધો છે. પૂર્વ-શાળા શિક્ષણ મેળવેલ બાળકોનો હાજરી દર અને અભ્યાસ પ્રત્યેનું વલણ પણ ખૂબ હકારાત્મક અને અંધ્યયન નિષ્પતિઓ મેળવવામાં પણ તેઓ અગ્રેસર રહયા છે. વિદ્યાર્થી અધ્યયનના પરિણામો પર નજર રાખતા સ્પષ્ટપણે દર્શાવે છે કે જે બાળકો અધ્યયકાળ મોડો અથવા પાછળથી શરૂ થાય છે તેઓ તેમના શાળાના વર્ષો દરમિયાન પાછળ રહેવાનું વલણ ધરાવે છે. હાલના સમયમાં, ભારતમાં શિક્ષણની એક ગંભીર સમસ્યા છે કે બાળકો પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવે છે પરંતુ પાયાના સાક્ષરતા અને અંકજ્ઞાન જેવી પાયાની કુશળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહ્યા છે. મોટોભાગના બાળકો પહેલા ધોરણમાં પ્રવેશતા પહેલા પૂર્વ-શાળા શિક્ષણથી વંચિત હોય છે. ઘણા 6+ વર્ષના બાળકો ખૂબ જ મર્યાદિત પૂર્વ-શાળા શિક્ષણ સાથે પહેલા ધોરણમાં માં પ્રવેશ કરી રહ્યા છે. તદુપરાંત, ઘણા યોગ્ય પૂર્વ-પ્રાથમિક વિકલ્પોના અભાવને લીધે ઘણા બાળકો 6 વર્ષની વયે સીધા પહેલા ધોરણમાં નોંધણી કરી રહ્યાં છે કે જેઓ કોઈપણ પ્રકારના શિક્ષણથી લાભન્વિત નથી. આવા બાળકો મોટાભાગે પ્રાથમિક શાળામાં અને આગળ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં પણ સૌથી પાછળ રહે છે. આ બધા કારણોસર - મગજ વિકાસથી લઈને શાળા-સજ્જતા સુધી, શિક્ષણના સુધારેલા પરિણામો, સમાનતા અને ન્યાય, રોજગાર અને દેશની સમૃદ્ધિ અને આર્થિક વૃદ્ધિ સુધી - ભારતે તમામ બાળકો માટે સુલભ અને ગુણવત્તાયુક્ત પૂર્વ-શાળા શિક્ષણ અને સંભાળમાં વધુ અને વધુ રોકાણ કરવું જ જોઇએ.

અહી ગુણવત્તાવાળા પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ એટ્લે એવું શિક્ષણ કે જેમાં શરૂઆતના ત્રણ વર્ષ દરમયાન માતા અને બાળક બંનેના સ્વાસ્થ્ય અને પોષણનો સમાવેશ થાય છે અને સાથે સાથે શિશુના જ્ઞાનાત્મક અને અને ભાવાત્મક ઉત્તેજનાને વાત કરતા, રમતા, ચાલતા, સંગીત અને અવાજો સાંભળવા અને અન્ય ઇન્દ્રિયો ખાસ કરીને દૃષ્ટિ અને સ્પર્શને વધુ અને વધુ ઉત્તેજીત કરવા વગેરે નો પણ સમાવેશ જરૂરી છે. આ સમયગાળા દરમિયાન ભાષાઓ, સંખ્યાઓ અને સરળ સમસ્યાનું નિરાકરણ લાવવું પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

ત્રણથી છ વર્ષની વય સુધી, ECCE માં સતત આરોગ્યસંભાળ અને પોષણનો સમાવેશ થાય છે, પરંતુ નિર્ણાયક રીતે સ્વ-સહાય કુશળતા (જેમ કે "પોતાની જાતે તૈયાર થવું"), શારીરિક કુશળતા, સ્વચ્છતા, જુદી જુદી ચિંતાનું નિયંત્રણ, સાથીઓ સાથે તાલમેલ

અને મેળાપ, નૈતિક વિકાસ (જેમ કે "સાચા" અને "ખોટા" વચ્ચેના તફાવતને જાણવું), હલનચલન અને કસરત દ્વારા શારીરિક વિકાસ, માતાપિતા અને અન્ય લોકો માટે વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવા અને વાતચીત કરવી, કાર્ય કરવા અને કાર્ય પૂર્ણ કરવા માટે લાંબા સમય સુધી બેસવું અને સામાન્ય રીતે સર્વાંગી સારી ટેવો વગેરે નો પણ સમાવેશ થાય છે. હાલના તબક્કે, મોટાભાગે પ્રારંભિક બાળપણનું શિક્ષણ આંગણવાડીઓ અને ખાનગી પૂર્વ-શાળાઓના રૂપમાં આપવામાં આવે છે, જેમાં એનજીઓ અને અન્ય સંસ્થાઓ દ્વારા સંચાલિત પૂર્વ-શાળાઓનો ખૂબ જ ઓછો પ્રમાણ આવે છે. સંકલિત બાળ વિકાસ સેવાઓ (આઇસીડીએસ) ના નેજા હેઠળ પૂર્વ-પ્રાથમિક શિક્ષણની આંગણવાડી પદ્ધતિએ ભારતના ઘણા ભાગોમાં ખાસ કરીને માતા અને શિશુઓની આરોગ્યસંભાળ સંદર્ભે મોટી સફળતા સાથે કામ કર્યું છે.

આ કેન્દ્રોએ માતાપિતાને મદદ આપવા અને સમુદાયો બનાવવા માટે ખરેખર મદદ કરે છે; તેઓએ પોષણ અને આરોગ્ય જાગૃતિ, રસીકરણ, પાયાની આરોગ્ય તપાસણીઓ અને સ્થાનિક જાહેર આરોગ્ય વ્યવસ્થાઓમાટે સંદર્ભો અને જોડાણો પ્રદાન કરવા માટે સેવાઓ આપી રહ્યા છે. આમ કરોડો બાળકોને તંદુરસ્ત વિકાસ અને વધુ ઉત્પાદક જીવન જીવવા માટે તૈયાર કર્યા છે. જો કે, આવશ્યક પાસાઓ જેવા કે જ્ઞાનાત્મક ઉત્તેજના, રમત અને દૈનિક સંભાળ અને અમુક શૈક્ષણિક પાસાઓ વગેરે જેવી બાબતો ને યોગ્ય રીતે બાળકો અને તેમના માતાપિતા સુધી પહોંચાડવામાં થોડી ઘણી આંગણવાડીઓ પ્રમાણમાં અસફળ રહી છે. આંગણવાડીઓમાં હાલમાં શિક્ષણ માટે પુરવઠો અને માળખાગત સુવિધાઓનો અભાવ છે. પરિણામે, આંગણવાડીઓમાં 2-4 વર્ષની વય શ્રેણીમાં વધુ બાળકો અને શૈક્ષણિક રીતે જટિલ અને અગત્યની અવસ્થામાં 4-6 વર્ષમાં ઓછા બાળકો છે. તે ઉપરાંત પ્રારંભિક શિક્ષણ માટે તાલીમબદ્ધ અથવા ખાસ સમર્પિત અને સારા શિક્ષકોની પણ ઊણપ છે.

નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રારંભિક બાળપણના શિક્ષણને પ્રાધાન્ય આપીને પ્રથમ પ્રકરણ તરીકે સમાવેશ કરેલ છે જે તેનું મહત્ત્વ સમજાવે છે. આ પ્રકરણમાં પ્રારંભિક બાળપણના શિક્ષણ ક્ષેત્ર માટે ખૂબ નવા અને પાયાના વિચારો સૂચવેલ છે. નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સરકાર દ્વારા 2025 સુધીમાં પ્રારંભિક બાળપણના શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા પ્રાપ્ત કરવા માટેની વિશિષ્ટ નીતિગત પહેલ હાથ ધારવાના પ્રયાસો શરૂ કરવા માટેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ECCE માટેની મહત્ત્વની જોગવાઈઓ :**

- પ્રારંભિક બાળપણના શિક્ષણ માટેના સિદ્ધાંતો અને માર્ગદર્શિકા અનુસાર, પ્રારંભિક બાળપણ શિક્ષણ માટેના અભ્યાસક્રમ અને શિક્ષણ વિષયક માળખાનો વિકાસ કરવા એનસીઈઆરટીના આદેશનો કરવામાં આવશે.

- શિક્ષણ વિષયક માળખુ (ફ્રેમવર્ક) બે ભાગો હશે: પ્રથમ ભાગ 0 થી 3 વર્ષના બાળકો માટે જેમાં માતા-પિતા તેમજ આંગણવાડી શિક્ષકો / કાર્યકરોનો સમાવેશ કરવામાં આવશે. આ વય શ્રેણીના શિશુઓ અને નાના બાળકોની યોગ્ય જ્ઞાનાત્મક ઉત્તેજના માટે વિવિધ શૈક્ષણિક સાધનોની રચના અને તેના ઉપયોગ માટેની માહિતી આ માર્ગદર્શિકામાં હશે. આ સાથે હસ્તકળા, લલિતકલા વગેરે જેવી પ્રવૃતિઓ માટે યોગ્યની રૂપરેખાનો સમાવેશ કરવામાં આવશે અને તેને સમુદાય તેમજ માતાપિતા સુધી પહોચાડવામાં આવશે.
- બીજો ભાગ 3-8 વર્ષના બાળકો (ફાઉન્ડેશનલ સ્ટેજ) માટે શૈક્ષણિક માળખું હશે જે માતાપિતા માટે તેમજ આંગણવાડીઓ, પૂર્વ-પ્રાથમિક શાળાઓ અને ગ્રેડ 1 અને 2 માટે બનાવાયેલ હશે અને તે લવચીક, જુદા જુદા સ્તર માટે, રમત આધારિત, પ્રવૃત્તિ આધારિત, અને શીખવાની શોધ આધારિત પ્રણાલીનો વિકાસ પર આધારિત હશે. આ માળખાનો હેતુ નાના બાળકોને સામાજિક-ભાવનાત્મક રીતે કુશળ બનાવવાનો અને તેમનામાં મૂળાક્ષરો, સંખ્યાઓ, સ્થાનિક ભાષા/માતૃભાષામાં અને અન્ય ભાષાઓમાં સંદેશાવ્યવહાર, રંગ, આકાર, અવાજ, રમતો, ચિત્રકામના ઘટકો, સંગીત અને સ્થાનિક કળાઓ, તેમજ જિજ્ઞાશાવૃતિ, ધૈર્ય, ટીમ વર્ક, સહકાર, ક્રિયાપ્રતિક્રિયા જરૂરી ગુણો વિકાસ કરવાનો અને તેમણે શાળા-તત્પરતા માટે તૈયાર કરવાનો રહેશે. આ માળખામાં વ્યાયામો, કોયડા, રંગ પુસ્તકો, કનેક્ટ-ધ ડોટ્સ ડ્રોઇંગ્સ, વાર્તાઓ, જોડકણાં, ગીતો, રમતો વગેરે અંગેના સૂચનો પણ શામેલ હશે જે ફાઉન્ડેશનલ સ્ટેજમાં બાળકોને સર્વાંગીણ રીતે વિકસાવવામાં મદદ કરશે.
- 6 વર્ષ સુધીની બાળકોની શૈક્ષણિક જરૂરિયાતોને પહોંચી વળવા મોટા પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો બાંધવામાં આવશે. ખાસ કરીને, આંગણવાડી કાર્યકરોને શિશુઓ માટે જ્ઞાનાત્મક ઉત્તેજનાની તકનીકો અને રમત-આધારિત અને મલ્ટિલેવલ શિક્ષણ માટેની તાલીમ આપવામાં આવશે.
- દરેક આંગણવાડીમાં બાળપણના પ્રારંભિક શિક્ષણ માટેના અભ્યાસક્રમ અને શિક્ષણ શાસ્ત્રના માળખા મુજબ ઉત્તમ શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરવામાં આવશે. આંગણવાડી કેન્દ્રોમાં દરેક માતા અને બાળકને મફત અને સરળ પ્રવેશ મળે તે સુનિશ્ચિત કરવા માટે દેશભરમાં વધારાના ગુણવત્તા કેન્દ્રો પણ બનાવવામાં આવશે.
- હાલની પ્રાથમિક શાળાઓ સાથે આંગણવાડીઓને સહ-સ્થાન આપવામાં આવશે. આંગણવાડી દ્વારા પૂરી પાડવામાં આવતી વ્યાપક સેવાઓનો વધુમાં વધુ લાભ બાળકોને અને તેમના ભાઇ-બહેનોને મળે અને તેઓ સાથે ભણતા

થાય અને તેના કારણે તેમના માતાપિતાને પણ લાભ મળે અને પ્રાથમિક શાળાઓમાં સાથીઓ સાથે શીખવાની સુધારેલી તક મળે તેવી વ્યવસ્થા પુરી પાડવામાં આવશે.

- નવી આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓ માટેના સ્થાન આયોજન દરમિયાન આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓના સહ-સ્થાનને ઉચ્ચ અગ્રતા માનવામાં આવશે, કારણ કે આ વધુ સારી અને મજબૂત શાળા સમુદાયો બનાવવામાં મદદ કરશે.
- હાલની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓ 3 થી 6 વર્ષની વયના બાળકોની શૈક્ષણિક આવશ્યકતાઓને ધ્યાનમાં લેવામાં સક્ષમ ન હોય તેવા વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની પૂર્વ-શાળાઓ બનાવવામાં આવશે. આવી પૂર્વ-શાળાઓને આરોગ્ય, પોષણ, અને વૃદ્ધિ-દેખરેખ સેવાઓ માટે તૈયાર કરવામાં આવશે.
- પ્રારંભિક બાળપણના શિક્ષણના તમામ પાસાઓ પૂર્વશાળાથી લઈને પ્રાથમિક શાળા સુધીના અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રની સાતત્યતાને સુનિશ્ચિત કરવા અને શિક્ષણના પાયાના પાસાઓ માટે દેશભરમાં ધ્યાન આકર્ષિત કરવા માટે, માનવ સંસાધન વિકાસ મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ સમાવવામાં આવશે.
- સારા શિક્ષણ માટે આંગણવાડીઓ, પૂર્વ-શાળાઓ, અને પ્રાથમિક શાળાઓમાં તમામ ઉચ્ચ ગુણવત્તાની ભૌતિક માળખાગત સુવિધાઓ હશે.
- ભંડોળની ફાળવણી માટે, જગ્યાઓ નક્કી કરવા, અંદરની ડિઝાઈન કરવા માટે દરેક રાજ્યમાં પ્રારંભિક બાળપણના શિક્ષણ નિષ્ણાતો, કલાકારો અને આર્કિટેક્ટ્સની સમિતિની રચના કરવામાં આવશે.
- રાજ્ય સરકારો પ્રારંભિક બાળપણના શિક્ષણ માટે વ્યવસાયિક ધોરણે તબક્કા પ્રમાણે વિશિષ્ટ વ્યાવસાયિક તાલીમ દ્વારા, માર્ગદર્શક પદ્ધતિઓ દ્વારા અને કારકિર્દી મેપિંગ દ્વારા લાયક શિક્ષકોના કેડર તૈયાર કરશે.
- રાષ્ટ્રીય ઇસીસીઈ નીતિ (2013) માં ભલામણ મુજબ ઇસીસીઇ માટે અસરકારક ગુણવત્તા નિયમન અથવા માન્યતા પ્રણાલીની સ્થાપના કરવામાં આવશે. આ નિયમનકારી સિસ્ટમ આવશ્યક ગુણવત્તાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ પૂર્વ-શાળા શિક્ષણ આપતી સંસ્થાઓને આવરી લેશે.

ઉપર જણાવેલ જોગવાઈઓ ને જોતાં એમ લાગી રહ્યું છે કે આવનાર સમયમાં પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (ECCE) ક્ષેત્રે મહત્ત્વના અને આમૂલ પરિવર્તન જોવા મળી શકે છે.